# એચઆઈવી ગ્રસ્ત બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ

## વિહાન કેર એન્ડ સપોર્ટ સેન્ટર દ્વારા ૭૫ બાળકોને સ્કૂલબેગ-કંપાસનું વિતરણ : સહયોગ મંડળ દ્વારા ચોપડાનું વિતરણ કરાયું : મેયર પ્રવિણભાઈ પટેલ સહિત ભાજપના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લામાં એચઆઈવી એઈડસ ગ્રસ્ત બાળકોમાં જેઓ આર્થિક રીતે નબળાવર્ગના છે તેમને નવા સત્રથી પ્રારંભ થયેલ શાળાઓમાં અભ્યાસ સારી રીતે કરી શકે તે માટે વિહાન કેર એન્ડ સપોર્ટ સેન્ટર દ્વારા શૈક્ષણિક કીટ જેમાં દફતર અને કંપાસનો સમાવેશ થતો હતો તેનું વિતરણ કરવામાં આવ્યું હતું. જિલ્લાના કુલ ૭૫ બાળકોનેઆ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પ્રવિણભાઈ પટેલ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર જિલ્લામાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ ચૂકયો છે. જિલ્લાના જરૂરિયાતમંદ વર્ગના એચઆઈવી પોઝીટીવ બાળકો અન્ય બાળકો કરતા શિક્ષણમાં પાછળ ના રહી જાય તે હેતુથી તેમને સ્કૂલબેગ, કંપાસ, ચોપડા સહિતની શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કીટના વિતરણ માટે એચઆઈવી એઈડસ ગ્રસ્ત દર્દીઓના લાભાર્થે કાર્યરત સંસ્થા જીએસએનટી પ્લસના ગાંધીનગર ખાતેના વિહાન કેર એન્ડ સપોર્ટ સેન્ટર દ્વારા કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. આ શૈક્ષણિક કીટનું દાન ભાજપ શહેર સંગઠન મંત્રી પલ્લવીબેન પરીખ તથા એડવોકેટ પી.બી. પરીખ દ્વારા આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત શહેરની જાણીતી સેવાભાવી સંસ્થા સહયોગ મંડળ દ્વારા ચોપડાનું પણ વિતરણ કરવામાં આવ્યુ હતું.



આ પ્રસંગે શહેર મનપાના મેયર પ્રવિણભાઈ પટેલ સહિત ભાજપ શહેર પ્રમુખ મહેન્દ્રદાસ પટેલ, મહામંત્રી કનુભાઈ દેસાઈ, પૂર્વ કોર્પોરેટર પરાગીબેન પંડયા તથા પૂર્વ મહામંત્રી વિજયભાઈ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમની સફળતા માટે વિહાન કેર એન્ડ સપોર્ટ સેન્ટરના કર્ચમારીગણે ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમ સેકટર-૧૨માં સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં જુનિયર સિટિઝન કાઉન્સિલ પાસે આવેલા સંસ્થાના કાર્યાલય ખાતે યોજવામાં આવ્યો હતો.

## સે-૨૨માં પિતાએ પુત્રીને ઠપકો આપતા પુત્રીએ એસીડ પી લેતા મોત

### પિતાએ સ્પર્ધાત્મક પરીક્ષાની યોગ્ય તૈયારી કરવા ઠપકો આપતા પુત્રીએ આ પગલુ ભર્યું

ગાંધીનગર, તા.૧૩

શહેરના સેકટર-૨૨માં રહેતી ૨૧ વર્ષીય યુવતીને સ્પર્ધાત્મક પરીક્ષાની યોગ્ય તૈયારી કરવા મામલે પિતાએ ઠપકો આપતા ગત સાંજે પોતાના જ ઘરમાં યુવતીએ એસિડ ગટગટાવી લીધું હતું. પરિણામે તેણીનું સારવાર દરમિયાન અમદાવાદ સિવિલમાં મોત નિપજયું હતું.

શહેરના સેકટર-૨૨માં બ્લોક નં. ૬/૧૦ ખાતે હસમુખભાઈ ચૌહાણ પોતાના પરિવાર સાથે રહે છે અને પોલીસ ભવનમાં આઈ.બી. વિભાગમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે. હસમુખભાઈની દિકરી કિર્તીબેન ચૌહાણ (ઉ.વ. ૨૧) ટી.વાય. બીકોમમાં અભ્યાસ કરે છે અને છેલ્લા ઘણા સમયથી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરે છે ત્યારે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીમાં ધ્યાન આપવા માટે પિતાએ પુત્રીને ઠપકો આપ્યો હતો. આથી પુત્રીને લાગી આવતા તેણીએ મોડી સાંજે પોતાના જ ઘરમાં એસીડ ગટગટાવી લીધું હતું. થોડા સમય પછી પુત્રીએ ભરેલા આ પગલા વિશે પરિવારને જાણ થતા તાબડતોબ ગાંધીનગર સિવિલમાં લાવવામાં આવી હતી. બાદમાં અમદાવાદ સિવિલમાં વધુ સારવાર અર્થે ખસેડવામાં આવી હતી જયાં મોડી રાત્રે તેનું મોત નિપજયું હતું. આ મામલે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે જેની તપાસ પ્રવિણભાઈ ચલાવી રહ્યા છે.

## સ્વામી વિવેકાનંદ પૂર્વ સંરક્ષણ નિવાસી તાલીમ વર્ગ જોગ

ગાંધીનગર, તા.૧૩

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા આર્મી, એરફોર્સ, નેવી, અર્ધલશ્કરી દળો, પેરા મીલીટ્રી ફોર્સીસ તથા પોલીસ ફોર્સ વગેરેમાં જોડાવવા ઈચ્છતા યુવાનો માટે ભરતી પૂર્વે શારીરિક તેમજ માનસિક ક્ષમતા માટેની ઘનિષ્ઠ તાલીમ આપવા માટે સ્વામી વિવેકાનંદ પૂર્વ સંરક્ષણ નિવાસી તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે.

આ તાલીમમાં આર્મી, એરફોર્સ, નેવી, અર્ધલશ્કરી દળો, પેરા મીલીટ્રી ફોર્સીસ તથા પોલીસ ફોર્સ વગેરેની જગ્યાઓ માટે શારીરિક યોગ્યતા ધરાવતા, નિયત કરેલ જરૂરી શૈક્ષણિક લાયકાત ધોરણ-૧૦ પાસ અને ઉંમર ૧૭ ૧/૨ વર્ષ થી ૨૧ વર્ષ અથવા ધોરણ-૧૨ પાસ અને નિયત ઉંમર ૧૭ ૧/૨ વર્ષથી ૨૮ વર્ષ ધરાવતા યુવાનોને જ શારીરિક/માનસિક ક્ષમતા તથા લેખિત પરીક્ષા માટે ઘનિષ્ઠ તાલીમ આપવામાં આવશે. તાલીમમાં શારીરિક યોગ્યતા માટે ઉંચાઈ, વજન તથા છાતી શારીરિક કસોટીઓ જેવી કે દોડ, લાંબો કુદકો, પુલઅપ્સ વગેરેની તાલીમ માટે ફીઝીકલ ઈન્સ્ટ્રકટર દ્વારા ભરતીને અનુરૂપ શારીરિક તાલીમ આપવામાં આવશે. તાલીમી વ્યાખ્યાતાઓ દ્વારા અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન તથા સામાન્ય જ્ઞાનની તાલીમ આપવામાં આવશે.

તાલીમમાં જોડાનાર ઉમેદવારને રૂપિયા ૩ હજારનું સ્ટાઈપેન્ડ ચેક દ્વારા ચુકવવામાં આવશે. રહેવા જમવાનું વિના મુલ્યે રહેશે. આ તાલીમ અંગેની કોઈ પણ આખરી ફેરફાર રોજગાર કચેરી દ્વારા રહેશે તેવું રોજગાર અધિકારીશ્રીએ જણાવ્યું છે.



હરસિધ્ધ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત વેદ ઈન્ટરનેશનલ સ્કૂલના સેકટર-૨૫ જીઆઈડીસી ખાતેના નવીન મકાનનો ઉદઘાટન સમારોહ તા. ૧૧મી જુન રવિવારે યોજાયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત પરીક્ષા નાયબ નિયામક આર.આઈ. પટેલના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું. સમારોહમાં સચિવ વી.આર. ગોસાઈ, આસીસ્ટન્ટ કમિશનર જીગર રાવલ ઉપરાંત મનુભાઈ રાવલ, ડૉ. હબીબ મનસુરી, બાબુભાઈ પટેલ તથા સંસ્થાના મેનેજીંગ ડિરેકટર ડી.બી. પટેલની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

## સિવિલ હોસ્પિટલનો મેડીસીન વોર્ડ હાઉસ ફુલ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લામાં પાણીજન્ય રોગચાળાએ માથું ઉચક્યું છે. ગાંધીનગર હોસ્પિટલમાં ઝાડા-ઉલ્ટી અને કમળાના વિશેષ દર્દીઓ જોવા મળી રહ્યા છે. હોસ્પિટલના મેડીકલ વિભાગમાં દર્દીઓનો ધસારો વધી જવા પામ્યો છે. જેને પગલે આઠમા માળે આવેલા વોર્ડમાં તમામ પથારીઓ દર્દીઓથી ભરાઈ જવા પામી છે. જયારે હાલના સમયે આઠમાં માળે જગ્યા ના હોવાથી દર્દીઓને ઈએનટી વિભાગમાં એડમીટ કરવા પડે છે તેવી સ્થિતિ સર્જાઈ છે.

ઉનાળાની કાળઝાળ ગરમી પડી રહી છે. અખાદ્ય ખોરાક આરોગવાથી પ્રજાજનો બિમારીઓનો ભોગ બની રહ્યા છે.

**દર્દીઓની સંખ્યા વધી જતા ઈએનટી વોર્ડમાં દર્દીઓને એડમીટ કરવા પડે છે**

તો બીજીતરફ જિલ્લામાં ગંદા પાણીની સમસ્યા વકરી છે જેને લઈ પાણીજન્ય રોગચાળાએ માથું ઉચકયું છે. ગાંધીનગર હોસ્પિટલમાં શરદી-ખાસી, તાવ, ઝાડા-ઉલ્ટીના દર્દીઓ વિશેષ જોવા મળી રહ્યા છે. દર્દીઓની શારીરીક અશકતતાને કારણે તેઓને એડમીટ કરવા પડે છે. ત્યારે અત્યારે હાલ એવી પરિસ્થિતિ હોસ્પિટલમાં સર્જાઈ છે કે આઠમાં માળે આવેલ મેડીકલ વોર્ડમાં મહિલા અને પુરુષ માટે રાખવામાં આવેલ તમામ પથારીઓ દર્દીઓથી ભરાઈ જવા પામી છે. જેને પગલે હાલના સમયે કોઈ દર્દીને એડમીટ કરવાની જરુર જણાય તો દર્દીને ઈએનટી વિભાગમાં તંત્ર દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે.

## આજે એસએસઓ અધિકાર મહાસંઘ ગુજરાત રાજયપાલને આવેદન પત્ર પાઠવશે

ગાંધીનગર, તા.૧૩

પાટીદાર અનામત આંદોલનને અનુલક્ષી રાજય સરકાર દ્વારા આર્થિક ધોરણે દસ ટકા અનામત જે સવર્ણ વર્ગને આપવામાં આવી છે. તેના વિરોધમાં એસસી, એસટી અને ઓબીસી અધિકાર મહાસંઘ ગુજરાત દ્વારા રાજયપાલને તા.૧૪ જૂનને મંગળવારના રોજ સવારે ૧૧ કલાકે ૧૧ મુદ્રાઓનું આવેદન પત્ર આપવામાં આવશે.

એસસી, એસટી, ઓબીસી અધિકાર મહાસંઘ ગુજરાત બિનપક્ષીય સામાજીક સંગઠન છે. ગુજરાતની અંદાજીત ૧૪૫ જેટલી ઓબીસી જાતિ, ૩૦ એસ.સી. જાતિ તેમજ એસ.ટી.ની ૩૦ જાતિઓનું મળીને કુલ ૨૦૫ થી વધુ જાતિઓનું સામાજિક સંગઠન છે. એસસી, એસટી, ઓબીસી અધિકાર મહાસંઘ ગુજરાત દ્વારા તા.૧૪ જૂનના રોજ સવારે ૧૧ કલાકે રાજયપાલને મળીને આવેદન પત્ર પાઠવશે. આ આવેદન પત્રમાં ૧૧ જેટલા વિવિધ મુદાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ઈબીસીને લઈ રાજયની પ્રજાને અવેરનેસથી સાંકળી શકાય તે સહિતના અગત્યાના મુદાઓનો સમાવેશ કરાયો છે. ત્યારબાદ સરકીટ હાઉસ ગાંધીનગર ખાતે એસએસઓની બેઠક છોટુભાઈ વસાવા (ધારાસભ્ય-ઝઘડીયા)ના અધ્યક્ષ સ્થાને યોજાશે. આ બેઠકમાં એસએસઓના પ્રમુખ મનુભાઈ ચાવડા સહિતના સ્ટેટ કારોબારીના સભ્યો હાજરી આપશે.

## આજે શહેરમાં ટેટ પાસ ઉમેદવારોનું મહાસંમેલન યોજાશે

ગુજરાત રાજયના ધોરણ-૧ થી ૫ પીટીસી ટેટ પાસ ઉમેદવારોની ભરતી પ્રક્રિયા છેલ્લા ઘણા સમયથી રાજય સરકાર દ્વારા કરવામાં આવી નથી જેથી ટેટ પાસ ઉમેદવારોની મુશ્કેલીમાં વધારો થવા પામ્યો છે. જેને અનુલક્ષી રાજયમાંથી ટેટ પાસ ઉમેદવારોનું તા.૧૪ જૂનના રોજ સવારે ૧૦ કલાકે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે સંમેલન યોજાશે. સંમેલન બાદ ઉમેદવારો રાજયના મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીને આવેદન પત્ર પાઠવી રજુઆત કરશે.

રાજય પરીક્ષા બોર્ડ દ્વારા ટેટ-૧ પરિક્ષા લેવાયા બાદ આશરે એક વર્ષ જેટલો સમય થવા આવ્યો છે છતા શિક્ષણ વિભાગ ટેટ પાસ ઉમેદવારોની ભરતી કરવાના મુડમાં ના હોય તેવું ઉમેદવારોને લાગી રહ્યું છે. રાજય સરકારને ઉમેદવારોએ ખાલી જગ્યાઓની માહિતી આપી છે છતા પણ કોઈ યોગ્ય નિર્ણય શિક્ષણ વિભાગ દ્વારા લેવાયો નથી. જો આ અંગે યોગ્ય રજુઆત નહી કરવામાં આવે તો કોઈ પણ સંજોગોમાં સરકાર દ્વારા ભરતી થશે નહી. અને નવી ટેટ-૧ ની પરિક્ષા આવતા જુના પાસ થયેલા લોકોના હાથમાંથી નોકરી મેળવવાની આશા દુર થઈ જશે. જેને અનુલક્ષી ઉમેદવારો ગાંધીનગર ખાતે સંમેલન યોજીને રાજયના મુખ્યમંત્રી તેમજ શિક્ષણમંત્રીને આવેદન પત્ર પાઠવી રજુઆત કરશે. આ સંમેલનમાં ટેટ-૧ પાસ ઉમેદવારો તેમજ તેમના વાલીઓને હાજર રહેવા જણાવાયું છે.

## @ગાંધીનગર

- રમઝાન માસ નિમિતે શહેરી ૪.૨૦ કલાકે પૂર્ણ થશે અને ઈફતાર સમય ૭.૨૮ કલાકનો રહેશે.
- સુંદરધામ પરિવાર દ્વારા મંગળવારના રોજ રાત્રે ૮.૩૦ થી ૧૧.૩૦ કલાક દરમિયાન નવરાત્રી ચોક, પ્લોટ નં. એન/૯૯ પાસે, ન્યુ ગ્રીનસીટી, સે-૨૬ ખાતે શિવકથા યોજાશે.
- વંદે માતરમ પરિવાર દ્વારા મંગળવારના રોજ સાંજે ૪ થી ૭ કલાક દરમિયાન રમેશ એચ. પટેલ તરફથી દત્ત મંદિર, સે-૨૮ ખાતે આનંદનો ગરબો યોજાશે.
- રાજયના પીટીસી, ટેટ-૧ પરીક્ષા પાસ ઉમેદવારો ભરતીના મામલે સવારે ૧૦ કલાકે પથિકાશ્રમ પાસે મહાસંમેલન યોજશે.

## રોજગાર વિનિમય કચેરીના ત્રીજા વર્ગ કર્મચારી મંડળના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૧૩

ગુજરાત રાજય રોજગાર વિનિમય કચેરીઓના ત્રીજા વર્ગના કર્મચારીઓના મંડળ દ્વારા મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, ઓ-૪ ન્યુ મેન્ટલ કેમ્પસ, અસારવા, અમદાવાદ ખાતે મંડળની સાધારણ સભા મળી હતી. જેમાં સર્વાનુમતે મંડળના પ્રમુખપદે મુકેશભાઈ બ્રહ્મભટ્ટ, મહામંત્રી પદે રમેશભાઈ પટેલ, ખજાનચી પદે ડી.કે. પટેલ ઉપપ્રમુખ પદે બી.જી. વાલેરા અને સહમંત્રી પદે એમ.જી. નાટડાની વરણી કરવામાં આવી હતી.

## સુંદરધામ પરિવાર દ્વારા ત્રિ-દિવસીય શિવકથા સત્સંગ મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૧૩

સુંદરધામ પરિવાર દ્વારા તા. ૧૪, ૧૫ અને ૧૬મી જૂનના રોજ રાત્રે ૮.૩૦ થી ૧૧.૩૦ કલાક દરમિયાન સે-૨૬, ન્યુ ગ્રીનસીટી ખાતે ત્રિ-દિવસીય શિવકથા સત્સંગ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિવકથા સત્સંગને ગામઠી ભાષામાં સંગીતમય શૈલીમાં યુવા કથાકાર ભારતીબાપુ પોતાની આગવી શૈલીમાં કથા રસપાન કરાવશે. આ ઉપરાંત તા. ૧૭મી જૂનને શુક્રવારના રોજ ૮.૩૦ કલાકે કથા સ્થળે સુંદરકાંડ પાઠનું આયોજન કરાયું છે. આ ત્રિ દિવસિય શિવકથા સત્સંગ અને સુંદરકાંડ પાઠનો લાભ લેવા નગરના તમામ ભાવિક ભકતોને સુંદરધામ પરિવાર દ્વારા જણાવાયું છે.

## વાતવાતમાં

- શાળાઓનો પ્રારંભ થતા જ શહેરમાં એકવાર ફરીથી અંડર એજ ડ્રાઈવીંગના દૂષણે માથુ ઉંચકયુ છે. સવારે પોતાનું સ્કૂટર લઈને જઈ રહેલા એક શિક્ષિકાની આગળ સ્કુટર હંકારી રહેલ આશરે માત્ર ૧૩ વર્ષના કિશોરે કોઈ પણ સિગ્નલ દર્શાવ્યા વગર જ અચાનક જમણી બાજુ વાહન વાળી લેતા શિક્ષિકા સાથે અકસ્માત થઈ જતા માંડ બચ્યો હતો. શિક્ષિકાએ તેને ઉભો રાખી લાયસન્સ વગર વાહન હંકારવા બાબતે ઠપકો આપ્યો હતો.
- શહેરમાં ટ્રાફિકની અવેરનેસ ખાડે ગઈ હોય તેવું ભાસી રહ્યું છે. ઘ સાડા ચાર નજીક મુખ્ય માર્ગ તરફથી વાણિજય કોમ્પ્લેક્ષ તરફ લગભગ વળાંક લઈ ચુકેલી એક કાર સાથે પેથાપુર તરફથી આવતી એક પેસેન્જર રીક્ષા ધડાકાભેર અથડાઈ હતી. સદભાગ્યે આ અકસ્માતમાં કોઈને ગંભીર ઈજાઓ પહોંચી નહોતી.
- આજે ગાંધીનગરમાં સરકીટ હાઉસ ખાતે આપ પાર્ટીના નેતા કનુભાઈ કલસરિયા આવવાના છે. તેવી વહેતી થયેલી વાતે ઉત્તેજના જગાવી હતી. તેમને રૂબરૂ મળીને રજૂઆત કરવા પહોંચેલા આપ પાર્ટીના કાર્યકર્તાઓ તથા સરકારી શાળાઓના વિદ્યાર્થીઓ અને વાલીઓના ટોળાને ધરમ ધક્કો પડયો હતો કારણ કે કનુભાઈએ અમદાવાદના સરકીટ હાઉસ ખાતે પત્રકારોને સંબોધ્યા હતા.

## ગોકુળપુરાના બાળકોને અંગ્રેજીના પુસ્તકોનું વિતરણ કરાયું

આજના યુવાનો હંમેશા કંઈક નવું જ કરવામાં માનતા હોય છે. ગાંધીનગરની સંસ્થાઓ, યુવાનો તેમજ સ્થાનિક નગરસેવકો પણ સેવા કાર્ય કરવામાં પાછળ નથી. અવારનવાર નગરજનો જરૂરિયાતમંદને જરૂરી ચીજવસ્તુઓ પહોંચાડે છે. તાજેતરમાં ગોકુલપુરા (રાવળવાસ) ખાતે ૫૦૦થી વધુ બાળકોને સ્પોકન ઈંગ્લીશની ચોપડી, દેશી હિસાબ તથા ચોકલેટના વિતરણનું સેવા કાર્ય કરવામાં આવ્યું હતું. ગાંધીનગરના યુવાનો એવા પ્રદિપસિંહ વાઘેલા, રમીલાબેન વાઘેલા (કોર્પોરેટર), કોર્પોરેટર જીતુભાઈ રાયકા, વિજયસિંહ માજીરાણા, ગિરીશસિંહ વાઘેલા, પૃથક ઠકકર, રવિકાન્ત અસરાની, ઉમંગ સુથાર, ધવલ પારકર એ ગોકુલપુરાના બાળકોનું અંગ્રેજી પાકું થાય અને આગળના ધોરણમાં પણ ઉપયોગી થાય વધુમાં બાળકો ભણી ગણીને આગળ વધે તેવા આર્શીવચન સાથે ઈંગ્લીશની ચોપડી, દેશી હિસાબ તથા ચોકલેટનું વિતરણ કર્યું હતું. આ દરમિયાન બાળકોને અંતાક્ષરી રમાડવામાં આવી હતી અને બાળવાર્તા સંભળાવી હતી.


# ૨૧મી જૂનના દિવસે જ વિશ્વ યોગ દિનની ઉજવણી કેમ....?

ગાંધીનગર, તા.૧૩

સમગ્ર વિશ્વ તા. ૨૧મી જૂનના રોજ વિશ્વ યોગ દિનની ઉજવણી કરે છે. સંયુકત રાષ્ટ્ર મહાસભાએ તા. ૧૧મી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ તા.૨૧મી જૂનને વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવવાનો ઠરાવ પ્રસાર કર્યો હતો. તા. ૨૧મી જૂનના રોજ વિશ્વ યોગ દિવસ કેમ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. તેનું પણ ચોક્કસ કારણ છે.

તા. ૨૧મી જૂન આંતર રાષ્ટ્રીય કક્ષાએ **Summer Solstice** છે, એટલે કે પૃથ્વીની ભ્રમણ કક્ષા દરમ્યાન આ દિવસે સૂર્ય આકાશગંગામાં સૌથી ઉચ્ચ કક્ષાએ હોય છે. તેથી જ આ દિવસ લાંબામાં લાંબો દિવસ તરીકે ઓળખાય છે. વળી ભારતીય શાસ્ત્ર અનુસાર આ દિવસથી દક્ષિણાયનની શરૂઆત થાય છે. અને દક્ષિણાયનની શરૂઆત બાદ આવતી પ્રથમ પૂર્ણિમાને ગુરૂપૂર્ણિમા તરીકે ઉજવવામાં આવે છે. એમ કહેવાય છે કે જે લોકોને યોગ સાધના કરવાની શરૂઆત કરવી હોય તે લોકો માટે શિવ ભગવાન પ્રથમ યોગ ગુરૂ હોઈ અને દક્ષિણાયન યોગસાધના માટે અનુકળ સમયગાળો હોઈ આ દિવસ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે દર વર્ષે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

યોગ શબ્દ સંસ્કૃતની મુળ યુજૂ ધાતુમાંથી મળે છે, જેનો અર્થ જોડવું, બાંધવું કે સંગઠિત કરવું એવો થાય છે. યોગ વિદ્યાનો ઉદ્ભવ હજારો વર્ષ પૂરાણો છે. શ્રૃતિ પરંપરા અનુસાર ભગવાન શિવ યોગ વિદ્યાના પ્રથમ આદિ ગુરૂ, યોગી તથા આદિયોગી છે. હજારો વર્ષ પૂર્વ હિમાલય સ્થિત કાંતિ સરોવરના કિનારે આદિયોગીએ યોગનું ગૂઢ જ્ઞાન પૌરાણિક સપ્ત ઋષિઓને




આપ્યુ. સપ્ત ઋષિઓએ આ અત્યંત મહત્વપૂર્ણ યોગવિદ્યાને એશિયા, મધ્યપુર્વ, ઉત્તર આફ્રિકા તથા દક્ષિણ અમેરિકા સહિત વિશ્વના અલગ અલગ ભાગોમાં વહેતી કરી હતી. આધુનિક વિદ્વાનો સંપૂર્ણ પૃથ્વીની પ્રાચીન સંસ્કૃતિઓમાં એક સમાનતા મળવાથી અચંબિત છે, આ એક અત્યંત રોચક તથ્ય છે. ભારત એક જ એવો દેશ છે, જયાં યોગવિદ્યા પૂરી રીતે અભિવ્યકત થઈ. ભારતીય ઉપમહાદ્વીપોમાં ભ્રમણ કરવા વાળા સપ્તઋષિઓ તેમજ અગસ્ત્ય મુનિએ આ યોગ સંસ્કૃતિને જીવનના રૂપમાં વિશ્વના પ્રત્યેક ભાગમાં પ્રસારિત કરી હતી. યોગનું વ્યાપક સ્વરૂપ અને પરિણામ સિંધુ તેમજ સરસ્વતી ખીણ સભ્યતાની અમર સાંસ્કૃતિક ભેટ માનવામાં આવે છે. યોગને માનવતાનાં મૂર્ત અને આધ્યાત્મિક બંન્ને બાજુઓને મહત્વપુર્ણ બનાવી સ્વયંને સિદ્ધ કર્યું છે. સિંધુ-સરસ્વતી ખીણ સભ્યતામાં યોગ સાધના કરતી અનેક આકૃતિઓની સાથે પ્રાપ્ત અનેક ચહેરાઓ તેમજ અવશેષો એ વાતનું પ્રમાણ છે કે પ્રાચીન ભારતમાં યોગ પ્રચલન હતું.

વૈદિક તેમજ ઉપનિષદ પરંપરા, શૈવ, વૈષ્ણવ તથા તાંત્રિક પરંપરા, ભારતીય દર્શન, રામાયણ તેમજ ભગવદ્ગીતા સહિત મહાભારત જેવા મહાકાવ્યો, બોદ્ધ તેમજ જૈન પરંપરાની સાથે સાથે વિશ્વની લોક વિરાસતમાં પણ યોગ મળે છે. યોગનો અભ્યાસ પૂર્વ વૈદિક કાળમાં પણ થતો હતો.

વર્તમાન સમયમાં લોકો જીવનશૈલીના લીધે ડાયાબીટીશ, હાઈબીપી, શ્વાસ, એલર્જી, હૃદય રોગ જેવા શારીરિક રોગો તેમજ હતાશા અને તણાવ જેવા માનસિક રોગોનો વધારે ભોગ બની રહ્યાં છે, ત્યારે ભારતીય યોગ પધ્ધતિ જીવનશૈલીનો એક ભાગ બને અને જીવન સાથે વણાઈ જાય તે જરૂરી છે. યોગ થકી સર્વેનું જીવન તદુંરસ્ત બને તેવા ઉમદા આશયથી સમગ્ર વિશ્વમાં યોગ દિનની ઉજવણી કરવામાં આવી રહી છે.



ધુળીયું વાતાવરણ - ગાંધીનગર શહેરમાં સોમવારનો દિવસ વાદળોથી છવાયેલો રહ્યો તે ઉપરાંત ધૂળની ડમરીઓથી સમગ્ર વાતાવરણ ધુળીયું બન્યું હતું... સાંજે ચાર વાગ્ય બાદ તો સમગ્ર વાતાવરણમાં ધુળની ડમરીઓ જામતા વાહન ચાલકો હાલાકીમાં મુકાયા હતા... એકાએક ચોમાસાનો માહોલ જામી ગયો હોય એવો ભ્રમ સર્જાયો હતો... જો કે મોડી સાંજે વાદળો વિખરાયા હતા અને પવન પડી જતા વાતાવરણ સ્વચ્છ બન્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. મુકુંદસિંહ પૃથ્વીસિંહ વાઘેલા, ઉ.વ. ૫૫
- સ્વ. ઠાકોર મહોતજી બાબુજી, ઉ.વ. ૩૫
- સ્વ. સિધ્ધાર્થભાઈ કેશવલાલ ઝવેરી, ઉ.વ. ૮૭
- સ્વ. પટેલ કાન્તાબેન રામદાસ, ઉ.વ. ૮૫